# હકો હાથી

– લતા જગદીશ હિરાણ

હકો હાથી, બકી હાથણી ને એમનો નાનકો દીકરો. આ ત્રણેયનું કુટુંબ એક સરકસમાં રહે. બિચારા આખો દિવસ ખેલ કરે અને રાત પડે થાકીને લોથપોથ થઈ જાય. એક વાર આમ જ રાત પડી. કોઈને હજી ઊંઘ આવી નહોતી.

હકા હાથીની સાંકળ ખખડી. ''સુઈ ગયા કે ?''

''ના રે ના, મને એમ કે તમે થાકયા હશો એટલે બોલતા નથી.'' બકીએ હળવે રહીને કહ્યું. ''પપ્પા, હુંયે રાહ જોતો હતો. આપણી જંગલની વાત અધૂરી છે ને ?'' નાનકાએ કહ્યું.

''આજે તારા પગ નથી દુખતા બેટા ?''

''દુખે છેને મમ્મી, બહુ દુખે છે. નાનકડા સ્ટૂલ ઉપર ઊભા રહેવાની પ્રેકટીસ કરતાં પગ તો દુખ્યા જ અને કેટલો માર પણ ખાવો પડયો ?''

''મારી આંખમાં એટલે જ આંસુ વહ્યે જતાં હતાં. હજી તો તારે ઈલેકટ્રીક શોક પણ ખમવા પડશે. આવડા મોટા શરીર સાથે ચાર પગ ભેગા કરી એ નાનકડા સ્ટૂલ પર ગોઠવવા પડશે મારા બાળ !! આ માણસ જેવું ક્રૂર બીજું કોઈ નથી.''

બકીએ એના લાંબા દાંત ગુસ્સામાં દીવાલ સાથે ઘસ્યા.

''મને એક વાર અહીંથી છૂટવા મળેને તો મારી સૂંઢથી આ આખું સરકસ ખેદાન–મેદાન કરી નાખું.'' હકાએ સૂંઢમાંથી ફૂંફાડો માર્યો.

''મને ખબર છે પપ્પા કે તમને બહુ ગુસ્સો છે. પણ શું થાય ? એમ કરોને તમે મને જંગલની જ વાત કરો ને !! મને મજા આવે ને આ દુખતા પગ ભુલાઈ જાય !!''

''હા બેટા, તેં તો જંગલ જોયું જ નથી. તારો જન્મ અહીં પિંજરામાં થયો છે. તને કલ્પના જ ન આવે કે જંગલમાં મસ્તીથી ફરવાની ને ઝાડની કૂણી કૂણી ડાળીઓ તોડીને ખાવાની કેવી મજા હોય !!'' હકાને પોતાના જૂના દિવસો યાદ આવી ગયા.

એવામાં કયાંકથી કંઈક અવાજ આવ્યો. હકો હાથી પોતાની જગ્યાએથી જરાક ખસ્યો, અને આ શું ? એની સાંકળ ખુલ્લી હતી. હકાને પહેલાં તો વિશ્વાસ જ ન આવ્યો. એ ચાલવા ગયો અને એના પગે બાંધેલી સાંકળ ઢસડાઈ.


''અરે, તમારી સાંકળ સાચોસાચ ખુલ્લી છે !'' બકી ખુશખુશાલ થતાં બોલી. એણેય આગળ ચાલવા કોશિશ કરી જોઈ ને જાણે ગજબ થયો ! એની અને એના નાનકાનીયે સાંકળ ખુલ્લી હતી. એનો રખેવાળ આ ત્રણેયને લોક કરતાં જ ભૂલી ગયો હતો.

ભગવાને એમની સામે જોયું કે શું ? એમના દુખનો હવે અંત આવવાનો હતો કે શું ? ત્રણેય હાથીડા આનંદથી ઝૂમી ઉઠ્યા.

''ચાલો ચાલો જલદી. સવાર પડે ને પેલા રાક્ષસો ઊઠે એ પહેલાં આપણે અહીંથી ભાગી જઈએ.'' નાનકાએ ખુશ થતાં નાનકડો ઠેકડો માર્યો.

''શાંતિ રાખ બેટા, જરાય અવાજ ન થવો જોઈએ. પેલા જાગી જશેને તો વળી બાંધી દેશે ને માર ખાવો પડશે એ જુદું.'' બકીએ ડહાપણની વાત કરી.

હકો જરા વિચારમાં પડયો.



''એ બધી વાત સાચી, પણ આપણી જેમ જ પેલાં સિંહ, વાઘ, વાંદરા ને બીજાં પ્રાણીઓ પણ અહીં બંધાયેલા છે ને એમને પણ અહીં ગમતું નથી. આપણે એકલા ભાગી જઈએ એના કરતાં બધાને છોડાવીએ તો !!''

''તમારી વાત સાચી પણ એ બધાં આપણી જેમ છૂટાં થોડાં હશે ? એ કંઈ સહેલું નથી પડયું.'' બકી જરા નિરાશ થઈને બોલી.

કામ સાચોસાચ બહુ મુશ્કેલ હતું. નાનકો જંગલમાં જવા માટે ઉતાવળો થઈ ગયો હતો.

''ના પપ્પા, આપણે હવે જલદી અહીંથી ભાગીને જંગલમાં જતાં રહીએ.

''ના, આપણે પ્રયત્ન તો કરીએ જ. ચાલો, આપણે હળવે–હળવે જઈએ. ત્યાં ખૂણાના પેલા છેલ્લા તંબુમાં સિંહ ને વાઘ છે.''

હકો બહાર નીકળ્યો. પાછળ પાછળ બકી ને નાનકો નીકળ્યા. રાત એકદમ જામી હતી. આજે અમાસ હતી એટલે અંધારું હતું ને વળી બધા સરકસના લોકો આજે જ બીજા ગામથી અહીં પહોંચ્યા હતા એટલે સૌ ઘસઘસાટ ઊંઘતા હતા. ચારે બાજુ સૂનકાર હતો. ત્રણેય સિંહના તંબુ પાસે પહોંચ્યાં.

હકાએ ધીરે રહીને સૂંઢથી તંબુનો પાછલો ભાગ ચર...ર....ર... ચીરી નાખ્યો. ઘરડો સિંહ થાકીને ઊંઘતો હતો એને જગાડયો. એ જાગ્યો તો ખરો પણ એની સાંકળ મજબૂત રીતે લોક થયેલી હતી. આમ અચાનક બધું થવાથી એનાથી અવાજ થઈ ગયો.

ત્યાં બહાર ઊંઘતો ચોકિયાત જાગી ગયો. હાથમાં દંડૂકો લેતા એ દોડયો. ઘડીવારમાં તો હકાએ દોડાદોડી કરી મૂકી. આ બાજુ બકી પણ નાનકાને બોલાવતી ભાગી.

નાનકાને કંઈ ખબર ન પડી પણ હવે પોતાને જંગલમાં જવાનું મળ્યું એટલી વાતથી એ જબરા ઉત્સાહમાં હતો એટલે ભાગંભાગી કરવા માંડયો. હકો અને બકી આમ તો સાવ શાંત રહેતા પણ આજે જાણે કે ધરતી ડોલવા માંડી હતી. સૂંઢ ઊછાળતા ને છીંકોટા નાખતા ત્રણેય હાથીએ મેદાન માથે લીધું. ત્રણેય ઝાલ્યા ન ઝલાય. જાણે આજે એમને માણસજાત સાથે વેર લેવાનું હતું !

આ ત્રણ ત્રણ હાથીઓને આમ ખુલ્લા ભુરાયા થતા ચોકિયાતે પહેલી વાર જોયા. ચોકિયાત અને બીજા રખેવાળો ડરના માર્યા ભાગીને સંતાઈ ગયા. ત્રણેય હાથી ભાન ભૂલીને દોડાદોડી કરતા હતા. એમના ઉપર કોઈનો કાબૂ રહ્યો ન હતો. કોઈ માણસની એમની સામે જવાની કે એને કાબૂમાં લેવાની હિંમત નહોતી. ભૂલેચૂકે જો કોઈ સામે આવ્યું, ખાસ કરીને માણસ, તો આ ત્રણેય હાથી એનો છૂંદો બનાવી દે એમ હતા.

સરકસના માણસો આખી રાત ફફડતા સંતાઈને બેસી રહ્યા. ત્રણે હાથી ક્યાં ગયા કોઈને ખબર ન પડી. આ બનાવથી આખાય સરકસમાં બધા સતત ડરી ગયા હતા. બીજા દિવસે બપોર સુધી બહાર નીકળવાની કોઈએ હિંમત ન કરી ! એ પછી ડરતાં–ડરતાં માંડ એ લોકો બહાર તો નીકળ્યા પણ બીજા પ્રાણીઓનાં પાંજરા પાસે ફરકવાનીયે કોઈની હિંમત નહોતી ચાલતી.

એ પછી સરકસના માલિકની દીકરી ટીનુએ પપ્પાને કહ્યું,

''પપ્પા, હું તો તમને ક્યારની કહું છું, કોઈ બીજો ધંધો કરીએ. આ પ્રાણીઓને તાલીમ આપવા માટે એના પર કેટલો જુલમ ગુજારો છો. મારાથી તો જોવાતું જ નથી. એનું આવું જ પરિણામ આવે. આ તો સારું થયું, રાતનો ટાઈમ હતો, નહિતર બે ચાર લોકોના જીવ ગયા હોત !

સાચી વાત છે બેટા તારી. આજે મારી આંખ ખુલી ગઈ. આ બધાં પ્રાણીઓને આપણે આજે જ તેમના અસલ નિવાસસ્થાન જંગલમાં છોડી આવીશું.

■